# શૈક્ષણીક વર્ષ- ૨૦૨૪-૨૫ માટે ખાલી જગ્યાઓ પર Ph. D. એડમીશનની માર્ગદર્શિકાઓ (બીજો રાઉન્ડ)

**શૈક્ષણીક વર્ષ- ૨૦૨૪-૨૫ માટે જે તે વિષય માં પ્રથમ રાઉન્ડ ના અંતે રહેલી ખાલી જગ્યાઓ પર Ph. D. પ્રવેશ માટે યુનિવર્સીટી દ્વારા Ph.D. Admission -૨૦૨૪-૨૫ પોર્ટલ પર રજીસ્ટ્રેશનની કાર્યવાહી તારીખ ૦૬/૦૧/૨૦૨૫ થી તારીખ: ૧૫/૦૧/૨૦૨૫ સુધી કરવામાં આવેલ હતી. તારીખ: ૧૬/૦૧/૨૦૨૫ ના રોજ માનનીય કુલપતિશ્રી અને કો-ઓર્ડીનેટરશ્રી ની મળેલ મીટીંગમાં વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને Ph.D. Admission -૨૦૨૪-૨૫ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવા અંગે નીચે મુજબ નિર્ણય કરેલ છે.**

(૧). શૈક્ષણીક વર્ષ- ૨૦૨૪-૨૫ માટે જે તે વિષય માં પ્રથમ રાઉન્ડ ના અંતે રહેલી ખાલી જગ્યાઓ પર Ph. D. પ્રવેશ માટે નીચે મુજબના વિદ્યાથીઓ લાયક ગણાશે:

(અ). ભૂતકાળ માં UGC- NET JRF/ CSIR-JRF પાસ કરેલ હોય

(બ). ભૂતકાળ માં **UGC-NET** કે **GSET** કે **December 2024** માં લેવાયેલ **GSET** પાસ કરેલ હોય

(ક). ભૂતકાળ માં સૌરાષ્ટ્ર યુનીવર્સીટી દ્વારા લેવાયેલ **PET** પરીક્ષા પાસ કરેલ હોય અને **PET** પરીક્ષા પાસ કર્યા અંગેના જરૂરી આધારો ધરાવતા હોય.

(૨). પ્રથમ રાઉન્ડના અંતે જે તે વિષયમાં રહેલી ખાલી જગ્યાઓની યાદી આ સાથે પરિશિષ્ટ-૧ થી મુકેલ છે.

**(3). સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના Ph.D. Admission -૨૦૨૪-૨૫ પોર્ટલ પર રજીસ્ટ્રેશનની પ્રકિયા આગામી તા: ૧૮-૦૧-૨૦૨૫ સવારે ૧૦.૩૦ કલાક થી તા: ૨૨-૦૧-૨૦૨૫ ના રોજ સુધી કરી શકાશે. તારીખ: ૦૬/૦૧/૨૦૨૫ થી તારીખ: ૧૫/૦૧/૨૦૨૫ સુધી જે વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવી લીધેલ છે તેમને ફરીથી રજીસ્ટ્રેશન કરવાની જરૂર નથી.**

(૪). ઉપરોક્ત (૧). મુજબના જે વિદ્યાર્થીઓએ **GCAS પોર્ટલ પર વર્ષ- ૨૦૨૪-૨૫ માટે Ph. D. એડમીશન માટે રજીસ્ટ્રેશન કરાવેલ છે** **અને વર્ષ- ૨૦૨૪-૨૫ માટે Ph. D. એડમીશન મળેલ નથી** તેવા **વિદ્યાર્થીઓએ જો પ્રથમ રાઉન્ડ માં રૂ. ૧,૫૦૦/૦૦ ફી ભરી હોય તો કોઈ ફી ભરવાની નથી. પરંતુ જે કોઈ વિદ્યાર્થીઓએ પ્રથમ રાઉન્ડ માં રૂ. ૧,૫૦૦/૦૦ ફી ભરી ન હોય તો રૂ. ૮૦૦/૦૦ Ph.D. Admission પ્રોસેસ ફી ભરવાની રહેશે. આ ઉપરાંત આવા વિદ્યાથીઓએ**

**સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના Ph.D. Admission -૨૦૨૪-૨૫ પોર્ટલ પર અચૂક રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. અને તમામ જરૂરી સર્ટીફીકેટસ અપલોડ કરવાના રહેશે.**

(૫). ઉપરોક્ત (૧). મુજબના જે વિદ્યાર્થીઓએ **GCAS પોર્ટલ પર વર્ષ- ૨૦૨૪-૨૫ માટે Ph. D. એડમીશન માટે રજીસ્ટ્રેશન કરાવેલ નથી** તેવા વિદ્યાર્થીઓ પણ ખાલી રહેલ જગ્યાઓ પર પ્રવેશ માટે લાયક ગણાશે. **આવા વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના Ph.D. Admission -૨૦૨૪-૨૫ પોર્ટલ પર અચૂક રજીસ્ટ્રેશન રૂ.૧,૧૦૦ (૩૦૦ GCAS રજીસ્ટ્રેશન ફી તથા ૮૦૦ Ph.D. Admission પ્રોસેસ ફી) ભરીને કરાવવાનુ રહેશે. અને તમામ જરૂરી સર્ટીફીકેટસ/ આધારો અપલોડ કરવાના રહેશે.**

(૬). જે વિદ્યાર્થીઓએ UGC-JRF/CSIR-JRF પાસ કરેલ છે તેવા જ વિદ્યાર્થીઓ DRC માટે સીધાજ લાયક ગણાશે. તેમને મેરીટ માટે ૭૦% અને ૩૦% નું ધોરણ લાગુ પડશે નહિ. માત્ર DRC ના ૩૦% ગુણાંકન ને મેરીટ માટે UGC ના નિયમ મુજબ ૧૦૦% માં પરીવર્તન કરવાનું રહેશે. અને પ્રવેશ પાત્ર ગણવાના રહેશે.

(૭). જે વિદ્યાર્થીઓએ UGC-NET- GSET કે **December 2024 માં લેવાયેલ GSET પાસ કરેલ હોય તથા** ભૂતકાળમાં સૌરાષ્ટ્ર યુનીવર્સીટી દ્વારા લેવાયેલ PET પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓના ના પરીણામ પત્રક માં જો માર્કસ દર્શાવેલ હશે તો તેના આધારે પ્રવેશ ના મેરીટ માટે ૭૦% અને ૩૦% નું ધોરણ લાગુ પડશે.

(૮). જે વિદ્યાર્થીઓએ UGC-NET- GSET કે **December 2024 માં લેવાયેલ GSET પાસ કરેલ હોય તથા** ભૂતકાળમાં સૌરાષ્ટ્ર યુનીવર્સીટી દ્વારા લેવાયેલ PET પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓના ના પરીણામ પત્રક માં જો માર્કસ દર્શાવેલ ન હોય તો સામાન્ય કેટેગરી ના વિદ્યાર્થીઓ માટે UGC-NET/ GSET કે સૌ. યુનિ. PET ના ગુણ ૫૦ અને અનામત કેટેગરી ના વિદ્યાર્થીઓ માટે UGC-NET/ GSET કે સૌ. યુનિ. PET ના ગુણ ૪૫ ગણવાના રહેશે. અને તેના આધારે પ્રવેશ ના મેરીટ માટે ૭૦% અને ૩૦% નું ધોરણ લાગુ પડશે.

(૯). જે વિદ્યાર્થીઓએ **સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના Ph.D. Admission -૨૦૨૪-૨૫ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવેલ છે તેમણે પોતાના રજીસ્ટ્રેશનના ફોર્મ ની પ્રિન્ટ લેવાની રહેશે. આ પ્રિન્ટ ની નકલ, તમામ જરૂરી સર્ટીફીકેટસ/આધારો અને સંશોધન દરખાસ્ત (Research Proposal) ની પાંચ નકલ જે તે વિષય ના ભવનમાં અને જે વિષય ના ભવન નથી તે વિષય જેવા કે Performing Arts-Vokal અને Political Science માટે PGTR વિભાગ સૌરાષ્ટ્ર યુનીવર્સીટી મેઈન બિલ્ડીંગ માં તા: ૨૩-૦૧-૨૦૨૫ થી તા: ૨૪-૦૧-૨૦૨૫ સુધીમાં ઓફીસ**

**સમય દરમિયાન રૂબરૂ તમામ જરૂરી ઓરીજીનલ સર્ટીફીકેટસ સાથે હાજર રહીને અપલોડ કરેલ સર્ટીફીકેટસ/આધારોની ચકાસણી કરાવીને જમા કરવાના રહેશે. જે વિદ્યાર્થીઓ અપલોડ કરેલ સર્ટીફીકેટસ/આધારોની ચકાસણી માટે હાજર નહિ રહે તો પ્રવેશ માટે હક્કદાર રહેશે નહિ.**

**(૧૦). યુનીવર્સીટીના Ph.D. Admission -૨૦૨૪-૨૫ માટે જે તે વિષયની DRC ની સંપૂર્ણ માહિતી હવે પછી યુનીવર્સીટીની વેબસાઈટ પર મુકવામાં આવશે. આ માટે** વિદ્યાર્થીઓએ નિયમિત રીતે વેબસાઈટ જોતા રહેવું. કોઈને પણ વ્યક્તિગત લેખિત રીતે જાણ કરવામાં આવશે નહિ.

**(૧૧) જો કોઈ વિદ્યાર્થી બે વિષયમાં અનુસ્નાતક ડીગ્રી ધરાવતા હોય તો તેઓએ માત્ર એકજ અનુસ્નાતક વિષયમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.**

**(૧૨) અરજદારે સૂચનાઓ / નિયમોનો પૂરેપૂરો અભ્યાસ કર્યા બાદ જ ફોર્મ ભરવું. અરજદારે લાયકાતના ધોરણને ધ્યાનમાં રાખી પોતે નિયત લાયકાત ધરાવતા હોય તો જ ફોર્મ ભરવું.**

**(૧૩) જો ઉમેદવારે ખોટા દસ્તાવેજો રજૂ કરી પીએચ.ડી. પ્રવેશ મેળવેલ હશે તો તે ઉમેદવારનું પીએચ.ડી. પ્રવેશ કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે.**

**(૧૪) શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ ની પીએચ.ડી. પ્રવેશ બીજા રાઉન્ડ ના પ્રવેશ સંબંધિત કોઇપણ પ્રકારનો આખરી નિર્ણય લેવાની સત્તા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રહેશે.**

## પરિશિષ્ટ-૧

### Ph.D. Vacant Seats 2024-25 For Second Round

| No | Subject | Vacant Seats |
|---|---|---|
| 1 | APPLIED PHYSICS | 4 |
| 2 | BOTANY | 2 |
| 3 | CHEMISTRY | 2 |
| 4 | COMMERCE | 20 |
| 5 | COMPUTER SCIENCE | 9 |
| 6 | ECONOMICS | 9 |
| 7 | EDUCATION | 25 |
| 8 | FOOD & NUTRITION | 3 |
| 9 | GENERAL HOME SCIENCE | 1 |
| 10 | GUJARATI | 4 |
| 11 | HINDI | 30 |
| 12 | HISTORY | 4 |
| 13 | HUMAN RIGHTS | 1 |
| 14 | LAW | 7 |
| 15 | MANAGEMENT | 1 |
| 16 | MICROBIOLOGY | 4 |
| 17 | PERFORMING ARTS-VOCAL | 1 |
| 18 | PHYSICAL EDUCATION | 2 |
| 19 | PHYSICS | 8 |
| 20 | POLITICAL SCIENCE | 2 |
| 21 | PSYCHOLOGY | 6 |
| 22 | SANSKRIT | 14 |
| 23 | SOCIOLOGY | 2 |
| 24 | ZOOLOGY | 4 |
| 25 | PHARMACY | 6 |
| **Total** | | **171** |